દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

શનિવાર ૨૭ એપ્રિલ, ૨૦૨૪

# જો ખરેખર લોકશાહી જીવંત રાખવી હોય તો પ્રેફરેન્શિયલ વોટિંગ પદ્ધતિ અપનાવવી જોઈએ

ભારત દેશને જ્યારે લોકશાહી દેશ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો ત્યારે તેને દરેક વ્યક્તિ દ્વારા આવકારવામાં આવ્યો હતો. લોકશાહીને લોકો માટે, લોકો દ્વારા અને લોકો થકી ચાલતું શાસન ગણાવવામાં આવ્યું હતું. ભારતમાં પ્રતિનિધિઓને પસંદ કરવા માટે મતદાનની પ્રણાલી પણ નક્કી કરવામાં આવી. જ્યારે આ પ્રણાલી અમલમાં આવી ત્યારે કોઈને પણ એવો ખ્યાલ નહોતો કે ચૂંટણીની આ પ્રક્રિયાની ભવિષ્યમાં મજાક ઉડશે. એટલે કે દેશની લોકશાહીની રાજકારણીઓ દ્વારા મજાક ઉડાડવામાં આવશે. જ્યારથી આઝાદ ભારતમાં ચૂંટણી શરૂ થઈ ત્યારથી લોકશાહી ઢબે પ્રતિનિધિ પસંદ કરવાની આ પદ્ધતિમાં સ્હેજેય મતદારોનું વર્ચસ્વ રહ્યું નથી. ભારતમાં ચૂંટણી વખતે મતદાન કરવાની અને મતગણતરીની જે સિસ્ટમ છે તેમાં બહુમતિ મતદારો જેને પસંદ કરે તેને પ્રતિનિધિ બનાવવાની જોગવાઈ છે પરંતુ સામે ખાટલે મોટી ખોડ એ પણ છે કે જે ઉમેદવારને બહુમતિ ઉમેદવારો ઈચ્છતા નથી તે પણ ચૂંટાઈને આવે છે. દાખલા તરીકે એક બેઠક પર થયેલા મતદાન પૈકી કોઈ એક ઉમેદવારને 30 ટકા અને અન્ય ચાર ઉમેદવારને જો 70 ટકા મત મળે તો 30 ટકા મત મેળવનાર ઉમેદવારને જીતેલો ગણવામાં આવે છે. હકીકતમાં આ એવો ઉમેદવાર છે કે જેને 70 ટકા મતદારો પોતાના પ્રતિનિધિ તરીકે ઈચ્છતા જ નથી. હવે જેને 70 ટકા મતદારો પોતાના પ્રતિનિધિ તરીકે ઈચ્છતા નથી તો તે કેવી રીતે પ્રતિનિધિત્વ કરી શકે?? લોકશાહીમાં આ પ્રશ્નનો હજુ સુધી કોઈ ઉત્તર મળતો નથી. જોકે, જ્યારે રાજ્યસભાના સભ્યની ચૂંટણી હોય કે પછી રાષ્ટ્રપતિની ચૂંટણી હોય ત્યારે દેશમાં મતદાનની આ પદ્ધતિ અપનાવવામાં આવતી નથી. ત્યારે પ્રેફરેન્શિયલ વોટિંગ કરવામાં આવે છે. એટલે કે મતદાનમાં પણ પસંદગીના ક્રમ આપવાના હોય છે અને તેના આધારે પ્રતિનિધિ નક્કી થાય છે. એટલે કે ખરી લોકશાહી ચૂંટણીની આ પ્રક્રિયામાં છે. છેલ્લી કેટલીક ચૂંટણીથી ભારતમાં મતદાન થકી પ્રતિનિધિ પસંદ કરવાની પ્રક્રિયાનો રાજકારણીઓ દ્વારા મોટાપાયે ગેરલાભ ઉઠાવવામાં આવી રહ્યો છે. રાજકારણીઓ અને રાજકીય પક્ષો દ્વારા હરીફ ઉમેદવારના મત તોડવા માટે અનેક અપક્ષોને ઉમેદવાર તરીકે ઊભા રાખી દેવામાં આવે છે. આ અપક્ષો જીતતા નથી પરંતુ જે ઉમેદવારને બહુમતિ મતદારો પસંદ કરતા હોય છે તે ઉમેદવારને હરાવવાનું કામ જરૂરથી કરે છે. હાલમાં લોકસભાની ચૂંટણી ચાલી રહી છે ત્યારે જો માત્ર ગુજરાતની જ વાત કરવામાં આવે તો ગુજરાતમાં લોકસભાની 26 બેઠકોમાં આ વખતે 118 અપક્ષો મેદાનમાં છે. લોકસભાની ચૂંટણીમાં મતવિસ્તાર એટલો મોટો હોય છે કે અપક્ષોની હાજરી એટલી મહત્વની હોતી નથી પરંતુ આ અપક્ષો માત્ર મત તોડવાનું કામ કરે છે. જો 2019ની લોકસભાની ચૂંટણીની વાત કરવામાં આવે તો તે સમયે ગુજરાતમાં 197 અપક્ષો ચૂંટણીમાં ઊભા રહ્યા હતા અને તમામની ડિપોઝિટ ડૂલ થઈ ગઈ હતી. આ વખતે પણ એકપણ અપક્ષ જીતે તેવી સ્થિતિ નથી પરંતુ લોકશાહીની ફરી એક વખત મજાક ઉડશે તે ચોક્કસ છે. ખરેખર દેશમાં લોકસભાથી માંડીને છેક ગ્રામ પંચાયતની ચૂંટણી સુધી પ્રેફરેન્શિયલ વોટિંગ કરાવવાની જરૂરીયાત છે. પ્રેફરેન્શિયલ વોટિંગ એટલે કે મતદાતાઓએ ઉમેદવારોને પસંદગીના ક્રમ પ્રમાણે મત આપવાના રહે છે. એટલે કે જેટલા ઉમેદવાર ઊભા હોય તે પૈકી તમામ કે જેને આપવાની ઈચ્છા હોય તે ઉમેદવારને મત આપી શકાય છે. બાદમાં મતગણતરી વખતે જે ઉમેદવારના સૌથી ઓછા મત હોય તે બાકાત થઈ જાય અને તેના મતને પસંદગીના ક્રમ પ્રમાણે અન્ય ઉમેદવારોને વહેંચવામાં આવે છે. આ રીતે છેલ્લે માત્ર બે જ ઉમેદવાર બચે છે અને જેને સૌથી વધુ મત મળે તે જીતે છે. આ વોટિંગ દ્વારા એ વાત ચોક્કસ થાય છે કે જે જીતે છે તેને બહુમતિ મતદારો પસંદ કરે છે. નહીં કે અત્યારની જેમ અન્ય ઉમેદવારોમાં સૌથી વધુ મત મળે તે જીતી જાય. જો આમ થશે તો બની શકે છે કે અત્યાર સુધી જે પક્ષ જીતતો આવ્યો તે હારી જાય. આવું થશે તો જ દેશમાં આગામી દિવસોમાં લોકશાહી બચશે તે નક્કી છે.

# વારસાગત કર: લોકસભાની ચૂંટણીમાં અચાનક ચર્ચાનો મુદ્દો કેમ બની ગયો?

## રાજધાનીના અંતરંગ

### અનિલ આનંદ

વારસાગત કર શું છે? હાલમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણીમાં તે અચાનક ચર્ચાનો મુદ્દો કેમ બની ગયો? શું તે એટલું કઠોર છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કટ્ટર હરીફ કોંગ્રેસ પર કટાક્ષ સાથે કેન્દ્ર-મંચ પર આવવું પડ્યું: "કોંગ્રેસ કી લૂંટ જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી? એક નિશ્ચિત છે કે દેશની 140 કરોડની વસ્તીમાંથી મોટા ભાગની બહુમતી અથવા મતદાન કરવા તૈયાર 97 કરોડ મતદારો વારસાગત કર વિશે અજાણ છે. 1950ના દાયકાથી ભારતમાં સંપત્તિ કર તરીકે ઓળખાતો હતો, જેને 1985માં તત્કાલીન વડા પ્રધાન રાજીવ ગાંધીની સરકારે નાબૂદ કર્યો હતો.ટેક્નોક્રેટમાંથી રાજકારણી બનેલા અને ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ- કોંગ્રેસની વિદેશી પાંખના પ્રમુખ- સેમ પિત્રોડા કદાચ એ બાબતથી અજાણ હતા કે, યુએસએમાં પ્રચલિત સંસાધનોના એકત્રીકરણના માધ્યમ તરીકે વારસાગત કરની ચર્ચા કરવાની આવશ્યકતા પર આ સમયે તેમનું અવલોકન અકલ્પનીય પરિમાણનો વિવાદ ઊભો કરશે. એ હકીકતને જોતાં કે પિત્રોડા ગાંધી પરિવારના નજીકના મિત્ર છે, ત્યારે મોદી વળતો પ્રહાર કરવાની તક કેવી રીતે ચૂકી શકે? અને કોંગ્રેસ અને ગાંધી-પરિવાર તેમનો પ્રિય ચાબુક મારનાર છોકરો છે.

દેખીતી રીતે પિત્રોડા માટે ટાળી શકાય તેવા વિવાદોને જન્મ આપવા માટે નવા નથી. કદાચ ટેક્નોક્રેટ પિત્રોડા રાજકારણી પિત્રોડાપ્રત્યે અસભ્ય વ્યવહાર કરે છે. વિવાદાસ્પદ મુદ્દા પર જ્યારે પણ બોલ્યા ત્યારે તેમની સમય અને રાજકીય નિર્ણયની સમજ તેમને દગો આપે છે. ડિસેમ્બર 2023માં કરવામાં આવેલી રામ મંદિર પરની તેમની ટિપ્પણી- એવું લાગે છે કે દેશ ખોટા માર્ગ પર છે. કારણ કે, તે માત્ર રામ મંદિરની વાત કરી રહ્યો છે અને દીવા પ્રગટાવવાની વાત કરી રહ્યો છે- તે સમયે જ્યારે મોદી અયોધ્યા મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની અધ્યક્ષતા માટે તૈયારી કરી રહ્યા હતા. અને ચૂંટણી મુદ્દો બનાવીને કોંગ્રેસને મુશ્કેલીમાં મૂકી દીધી. 1984ના શીખ વિરોધી રમખાણોના સંદર્ભમાં પણ તેમની આકસ્મિક ટિપ્પણી હતી. ચાલો વર્તમાન વિવાદ પર પાછા જઈએ. ભાજપે હલ્લાબોલ કરવાની અને કોંગ્રેસને ઘેરવાની કોઈ તક ગુમાવી નથી. એવા સમયે જ્યારે કૉંગ્રેસનો ઢંઢેરો આગળ વધી રહ્યો હતો અને મતદાનના પ્રથમ તબક્કામાં વિપક્ષ ઈન્ડિયા ગઠબંધન માટે કેટલાક ઉત્સાહજનક સંકેતો આપી રહ્યું હતું ત્યારે પીએમ મોદીએ કોંગ્રેસ સાથે મુકાબલો કરવા માટે પિત્રોડાના વારસાગત કર અવલોકનનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો. બ્રેડ અને બટરના સળગતા મુદ્દાઓથી વધુ ધ્યાન હટાવવા માટે હોઈ શકે છે.શું તેનો ઈચ્છિત પ્રભાવ પડશે? જવાબ ના છે. શું ભાજપ વારસાગત કરની વિભાવનાનો વિરોધ કરી રહ્યો છે? જવાબ ફરીથી ના છે. તે ભારતીય પરિસ્થિતિઓને અનુરૂપ છે કે નહીં તે એક અલગ ચર્ચા છે.

**વારસાગત કર શું છે?**

નવા નિશાળીયા માટે તે એક મૃત વ્યક્તિના તેના/તેણીના કાયદેસર વારસદારોને વહેંચવામાં આવે તે પહેલાં તેનાં નાણાં અને મિલકતના કુલ મૂલ્ય પર લાદવામાં આવતો કર છે. વારસાગત કરનો હેતુ સરકાર માટે આવક પેદા કરવાનો અને સંપત્તિનું પુનઃવિતરણ કરવાનો છે.

**મોદી સરકારે જ 2017માં વારસાગત કર ફરીથી દાખલ કરવાની યોજના બનાવી હતી, તેમ જ વિપક્ષના સખત પ્રતિકારને ધ્યાનમાં રાખીને તેમ કરી શકી ન હતી**

જે રીતે વડા પ્રધાન મોદીએ કોંગ્રેસ અને તેના પ્રથમ પરિવારને નિશાન બનાવીને આ કરવેરાના મુદ્દાને રાજકીય રંગ આપ્યો, તેનાથી કોઈને એ શંકા નથી રહી કે તેઓ ચૂંટણીની આવશ્યકતાઓ દ્વારા માર્ગદર્શન આપતા હતા. શું તેઓ એ હકીકતથી વાકેફ હતા કે તેમની સરકાર 2014થી વારસાગત કર વસૂલવાના વિચાર સાથે સમયાંતરે વિચાર કરતી રહી છે? માત્ર એક ભોળો માણસ જ અનુભવશે કે તે આ હકીકતથી અજાણ છે. કેન્દ્રિય શાસન પ્રણાલીમાં તેમની સંમતિ વિના આવી દરખાસ્તની ચર્ચા કેવી રીતે થઈ શકે? દેખીતી રીતે, પ્રથમ તબક્કામાં તુલનાત્મક રીતે ઓછા મતદાન અને ભાજપ માટે પ્રતિકૂળ અહેવાલોના દાવાઓથી પરેશાન તેમણે ચૂંટણીના પછીના તબક્કાઓ માટે નક્કર મેદાન તૈયાર કરવાની વ્યૂહરચના તરીકે કોંગ્રેસ પર નિશાન સાધ્યું. પીએમ મોદીએ એક ચૂંટણી રેલીમાં જણાવ્યું હતું, "કોંગ્રેસ મૃત્યુ પછી પણ લોકોને લૂંટે છે. કોંગ્રેસના રાજવી પરિવારના રાજકુમાર (રાહુલ ગાંધી વાંચો)ના સલાહકાર (પિત્રોડા)એ કહ્યું છે કે મધ્યમ વર્ગ પર વધુ ટેક્સ વસૂલવો જોઈએ. હવે તેઓ વધુ આગળ વધી ગયા છે. હવે કોંગ્રેસ કહે છે કે તે વારસાગત કર લાદશે અને લોકો દ્વારા તેમના માતાપિતા પાસેથી મેળવેલા હિસ્સા પર કર લાદશે."

તેમને બહુ ઓછું સમજાયું હતું કે તેમની સરકાર અને પક્ષનું વલણ તેમણે આ મુદ્દા પર તેમના ચૂંટણી ભાષણોમાં જે કહ્યું હતું તેનાથી અલગ છે. કદાચ, કાં તો તેઓ ભૂલી ગયા હતા અથવા તેઓ જાણતા ન હતા કે 2014થી જ્યારે મોદી કેન્દ્રમાં સત્તામાં આવ્યા હતા ત્યારથી નાણા મંત્રાલય દ્વારા વારસાગત કર મુદ્દા પર વારંવાર ચર્ચા કરવામાં આવી હતી. તત્કાલીન નાણા રાજ્ય મંત્રી જયંત સિંહા આ વિચારના પ્રબળ સમર્થક હતા અને તેમણે આર્થિક સંસાધનોને ખતમ કરવાના ઉપાયના રૂપમાં 55 ટકા વારસાગત કર લાદવાની દલીલ પણ કરી હતી. શું તેઓ વડા પ્રધાન અથવા એટલા જ મજબૂત નાણા પ્રધાન અને તેમના તત્કાલીન બોસ સ્વર્ગસ્થ અરુણ જેટલીની પરવાનગી વિના પોતાની રીતે વાત કરી રહ્યા હતા? અસરના દાવાઓ છે કે મોદી સરકારે 2017માં વારસાગત કર ફરીથી દાખલ કરવાની યોજના બનાવી હતી, પરંતુ શાસક પક્ષ તેમ જ વિપક્ષના સખત પ્રતિકારને ધ્યાનમાં રાખીને તેમ કરી શકી ન હતી.

વારસાગત સંપત્તિ પર ટેક્સ લગાવવાના સિંહાના વિચારને હકીકતમાં ભાજપના આઈટી સેલના રાષ્ટ્રીય સંયોજક અમિત માલવિયાનું તાત્કાલિક સમર્થન મળ્યું હતું. 10 નવેમ્બર, 2014ના રોજ એક ટ્વિટમાં માલવિયા, જેઓ ટ્રોલ્સની સારી સેનાના વડા છે-એ કહ્યું હતું કે, "હું વારસાગત કર વસૂલવાના જયંત સિન્હાના વિચારના પક્ષમાં છું." પિત્રોડા વિવાદ છેડાયા બાદ તેમણે વારસાગત કરને સમર્થન આપતી તેમની જૂની પોસ્ટ નિશાના પર આવવા અને ખાસ કરીને કોંગ્રેસના નેતાઓ દ્વારા આ મુદ્દા પર દંભી ગણાવ્યા પછી કાઢી નાખી હતી. આ પહેલાં માલવિયાએ પિત્રોડાની વારસાગત કર પરની ટિપ્પણીની આકરી ટીકા કરી હતી. ''કોંગ્રેસે ભારતનો નષ્ટ કરવાનો નિર્ણય લીધો છે. હવે, સેમ પિત્રોડાએ હિમાયત કરી કે અમે સખત મહેનત અને સાહસ સાથે જે કંઈ પણ બનાવીશું, તેમાંથી 50 ટકા છીનવી લેવામાં આવશે" તેમને સહેજ પણ એ બાબતનો ખ્યાલ ન હતો કે સિંહાએ વારસાગત કર માટે 55 ટકા સીમાની દરખાસ્ત કરી હતી જેને તેમણે ( માલવિયા) સ્વયં વખાણ કર્યાં હતાં. ઘટનાઓના રસપ્રદ વળાંકમાં વડા પ્રધાન મોદીએ તેમની પોતાની સરકારની અગાઉની દરખાસ્તો અને બીજેપી આઈટી સેલના વડાની વારસાગત કરની મજબૂત હિમાયતને અવગણીને આ મુદ્દા પર આક્રમક વલણ અપનાવ્યું. આ વિચારને અગાઉ અગ્રણી કટારલેખક આર જગન્નાથનનો ટેકો મળ્યો હતો, જેઓ શાસક વહીવટની નીતિઓ અને કાર્યક્રમો પ્રત્યે સકારાત્મક વલણ માટે જાણીતા છે.

"વારસા કર એ એક વિચાર છે જેનો સમય આવી ગયો છે" મોદી-02એ સત્તા સંભાળ્યા પછી ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં 4 જુલાઈ, 2019ના રોજ પ્રકાશિત થયેલા તેમના લેખે હેડલાઈન્સ મેળવી હતી.

**કોંગ્રેસના ઢંઢેરામાં ક્યાંય એવો દાવો કરવામાં આવ્યો નથી, જેમ કે ભાજપના નેતાઓ બતાવે છે કે, તે અમીરો પાસેથી સંપત્તિ જપ્ત કરશે અને ગરીબોમાં વહેંચશે**

હા, ભાજપે પિત્રોડાના વિચાર સાથે જોડાણ કરવાની તક ઝડપી લીધી હતી અને ચૂંટણી પહેલા અને દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી દ્વારા વારંવાર સંપત્તિના પુનઃવિતરણના વિચાર વિશે વાત કરવામાં આવી હતી. આનાથી એક પ્રશ્ન ઊભો થાય છેઃ શું કોંગ્રેસ મેનિફેસ્ટો સંપત્તિના પુનઃવિતરણનું વચન આપે છે? કોંગ્રેસના ઢંઢેરામાં ક્યાંય એવો દાવો કરવામાં આવ્યો નથી, જેમ કે ભાજપના નેતાઓ બતાવે છે કે, તે અમીરો પાસેથી સંપત્તિ જપ્ત કરશે અને ગરીબોમાં વહેંચશે. આ હકીકત હોવા છતાં કે વારસાના વિચાર પર યુપીએ શાસન દરમિયાન તત્કાલીન નાણામંત્રી પી ચિદમ્બરમ દ્વારા પણ ચર્ચા કરવામાં આવી હતી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## બાળકને શીખવો

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

### દૃશ્ય પહેલું

સોસાયટીમાં નીચે કમ્પાઉન્ડમાં છોકરાઓ રમતા હતા અને બધી મમ્મીઓ ભેગા મળી વાતો કરી રહી હતી. અચાનક જોરથી અવાજ આવ્યો અને બધાએ તે તરફ જોયું તો સૌથી મોંઘી ઇંગ્લીશ શાળામાં જતો છઠ્ઠા ધોરણમાં ભણતો વિરાજ સોસાયટીના વોચમેન સાથે ઝઘડી રહ્યો હતો અને તેને ગમે તેમ બોલી રહ્યો હતો. બધા દોડીને ત્યાં પહોંચ્યા...જોયું તો વોચમેનને માથામાં વાગ્યું હતું ..વિરાજને વોચમેને કમ્પાઉન્ડની વોલ પર ચઢતા અટકાવ્યો હતો એટલે વિરાજે તેમને ધક્કો માર્યો અને કહી રહ્યો હતો કે, 'તું તારું કામ કર મને અટકાવવાવાળો તું કોણ? હમણાં પપ્પાને કહીને તને નોકરીમાંથી કઢાવી નાખીશ.' વિરાજનું આવું વર્તન જોઇને તેની મમ્મીને ખૂબ શરમ આવી.

### દૃશ્ય બીજું

કોલેજથી જિયાન અને તેના દોસ્તો ચાલતા ચાલતા વાતો કરતા ઘર તરફ પાછા ફરી રહ્યા હતા.ઘર પાસે પહોંચ્યા તો એક આંટી હાથમાં ત્રણ ત્રણ થેલા ઊંચકીને જઈ રહ્યાં હતાં.જિયાન દોડીને તેમની પાસે ગયો અને તેમની પાસેથી બે થેલા લઇ લીધા અને મિત્રોને કહ્યું, 'જરા પાંચ મિનીટ ઊભા રહો, હમણાં આવું છું.' જિયાન આંટીને જ્યાં જવું હતું ત્યાં મૂકીને આવ્યો. દોસ્તોએ પૂછ્યું, 'જિયાન, તારાં પાડોશી હતાં કે રીલેટીવ?' જીયાને કહ્યું, 'એ તો મારા પાડોશીને ત્યાં કામ કરવા આવતાં માશી છે.હવે ઉંમર થઇ છે પણ પરિવારમાં કોઈ નથી એટલે કામ કરે છે.'

### દશ્ય ત્રીજું

એક રવિવારે નિહાર ગ્રાઉન્ડમાં પોતાની સાથે એક છોકરાને લઈને આવ્યો. તેને કહ્યું, 'આજે રાકેશ પણ આપણી સાથે રમશે, બહુ સારો બેટ્સમેન છે.' બધા સાથે રમ્યા, રાકેશે સારા રન કર્યા.રમી લીધા બાદ બધાએ પૂછ્યું, 'આ રાકેશ તારો ફ્રેન્ડ છે કે કઝીન.' નિહારે કહ્યું, 'અરે રાકેશ મારા ડ્રાઈવર અંકલનો દીકરો છે. તેને મેચ રમવાનું બહુ ગમે છે એટલે મેં કહ્યું, ચાલ મારી સાથે રમવા અને હવે તે આપણા બધાનો ફ્રેન્ડ છે.' પહેલા દૃશ્યમાં બાળક વિરાજનું વર્તન ખોટું અને બીજા બે દૃશ્યમાં નિહાર અને જિયાનનું વર્તન કાબિલેતારીફ છે.આ ત્રણ દૃશ્યોમાં હાઈ સોસાયટીના મોટી શાળા કે કોલેજમાં જતાં બાળકોની વાત છે.પણ ધ્યાન એ આપવાનું છે કે માત્ર સારી મોંઘી શાળામાં મોકલવાથી સંતાનો લાયક બની જતાં નથી.એ માતા પિતાની સફળતા નથી. પણ મોટાં થતાં બાળકો ઘરે કામ કરતાં માશી, ડ્રાઈવર , સફાઇ કર્મચારી ,વોચમેન વગેરે સાથે કઇ રીતે વર્તન કરે છે, કઇ રીતે બોલે છે, તે માતા પિતાની સફળતા છે અને ઉત્તમ સંસ્કારની ઓળખ છે.તેમને બધા સાથે સારું વર્તન કરતાં શીખવવું જરૂરી છે.

# શિક્ષક ભરતી કૌભાંડ મમતાને ભારે પડશે

## રાજ્યોની વણઝાર

### કૌશિક મહેતા

પશ્ચિમ બંગાળમાં ભાજપ ૨૦૧૯ કરતાં વધુ કોર કરવા ચાહે છે અને એમાં કેટલીક ઘટનાઓ ભાજપને મદદરૂપ બની શકે એમ છે. સંદેશખાલી પછી શિક્ષક ભરતી કૌભાંડ મમતા બેનરજીને ભારે પડે એવી પૂરી શક્યતા છે. ૨૦૧૯માં ટીએમસીને ૨૪ બેઠકો મળી હતી અને ભાજપને ૧૮. અને બંનેમાં વોટ શેરમાં ત્રણ ટકાનો તફાવત હતો. આ વેળા એ અંતર વધુ ઘટી શકે એમ છે.

દેશમાં સાત તબક્કામાં મતદાન થઈ રહ્યું છે અને એમાં બંગાળનો પણ સમાવેશ થાય છે. અહીં મોદી - શાહની સભા , રેલીઓ થઈ ચૂક્યાં છે અને એમાં સંદેશખાલીનો કિસ્સો ચર્ચામાં રહે એ સ્વાભાવિક છે. સંદેશખાલી નાનકડું ગામ છે, જ્યાં ટીએમસીના નેતા શાહજહાં શેખ દ્વારા જમીનો પડાવવી અને મહિલાઓ સાથે દુર્વ્યવહારની વાતો બહુ ચર્ચામાં હતી. આ કિસ્સાઓ હદ વળોટી જતાં ભાજપે એને મુદ્દો બનાવ્યો અને સ્થાનિક લોકોમાં ય ઓરસ હતો. મમતા સરકારે શરૂઆતમાં શાહજહાંને પકડવામાં ઢીલ દાખવી પણ હાઈકોર્ટે ફરજ પાડી અને શાહજહાંની ધરપકડ થઈ પણ એ પછી ય એનઆઈએની ટીમ પર ત્યાં હલ્લો થયો. આ બધી ઘટનાઓનો લાભ ભાજપ ઉઠાવે એ સમજી શકાય એમ છે.

બાકી હતું તેમાં બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડ મુદ્દે હાઈકોર્ટનો ચુકાદો આવ્યો છે. કદાચ આખા દેશમાં આ સૌથી મોટી ભરતી કૌભાંડ છે. ૨૦૧૬માં બંગાળમાં સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ માટે શિક્ષકો અને બિનશિક્ષકની ૨૪,૦૬૦ જગ્યાઓ માટે પરીક્ષાઓ રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા યોજાઈ. એ વેળા મમતા સરકારમાં શિક્ષણ મંત્રી પાર્થ ચેટરજી હતા. અત્યારે એ ટીએમસીનાં મહામંત્રી છે.

આ ભરતીઓમાં ૨૩ લાખ લોકોએ અરજી કરી હતી અને પરીક્ષાઓ લેવામાં આવી હતી. ભરતીની પ્રક્રિયા પૂરી થઈ અને પસંદગીની યાદી બહાર પડી એ પછી વિવાદ શરૂ થયો હતો. કેટલાક નોકરીવાંછુએ કોર્ટમાં પીટીશન કરી હતી ત્યારથી આ કેસ ચાલુ હતો. બાદમાં ઈડીએ એમાં એન્ટ્રી લીધી અને પાર્થ ચેટરજીને ત્યાં દરોડા પાડ્યા અને એમાં રૂ. ૨૮ કરોડ રોકડા અને ૫ કિલો સોનું મળ્યું. એ પછી ચેટરજીનાં સાથીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા. બીજી તપાસ આગળ ચાલતી ગઈ અને કોર્ટમાં એવા પુરાવા રજૂ થયા, જેમાં ભરતી માટે ઘણા પાસેથી લાંચ લેવાઈ હતી એમ જણાયું. ઓએમઆર પધ્ધતિએ પરીક્ષા લેવાઈ અને એમાં કોરી સીટ જોવા મળી, રેન્ક વધારી દેવાયાના પુરાવા રજૂ થયા અને આખરે હાઈકોર્ટે આખી ભરતી પ્રક્રિયા ગેરવાજબી ઠેરવી. એટલું જ નહિ, જેમની ભરતી થઇ છે એ બધા શિક્ષકોને વ્યાજ સાથે એમના પગાર જમા કરવા કહેવાયું,માત્ર ત્રણ અઠવાડિયાનો સમય અપાયો અને સી.બી.આઈ.ને ત્રણ માસમાં બાકીની તપાસ પૂરી કરવા કહેવાયું છે.

આ કૌભાંડથી મમતા બેનર્જીને નુકસાન થાશે એ નક્કી છે. પણ કેટલાક સવાલો પણ પેદા થયા છે. બધાએ તો લાંચ ના આપી હોય. બધાને ફેવર ના કરાઈ હોય તો જે મેરીટ પર પાસ થયા એમની નોકરી જાય એ કેટલું વાજબી? આ મુદ્દે કેટલાંક શિક્ષકો કોર્ટમાં ગયા છે અને વિરોધ પ્રદર્શનો પણ થયાં છે. બીજી બાજુ એક પ્રશ્ન એ પણ ઊભો થયો છે કે, જે ભરતી રદ થઈ છે એમાં ઘણાને ચૂંટણી પંચ દ્વારા ફરજ અપાઈ છે તો એનું શું? એમને બદલવામાં આવશે? ચૂંટણી બોર્ડ ગેરબંધારણીય જાહેર કરાયા પણ એ બોન્ડ થકી જેમણે નાણાં મેળવ્યા એમને તો સુપ્રીમ કોર્ટે પાછા વળવાનું કહ્યું નથી.

બીજી બાજુ , મમતા બેનર્જીએ કહ્યું કે, ભાજપના નેતા સુવેંદુ અધિકારીએ કોર્ટનો ચુકાદો આવે એ પહેલાં કહેલું કે, આવતા અઠવાડિયે ધડાકો થવાનો છે. તો એમને કોર્ટના ચુકાદાની આગોતરી જાણ હતી? સુવેંદુ સામે પણ ભ્રષ્ટાચારના આક્ષેપો હતા અને એ ભાજપમાં ગયા પછી એમની સામે તપાસ બંધ થઈ ગઈ. પણ મમતાએ આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં જવાની જાહેરાત થઈ છે. પણ રાજકીય રીતે મમતા અને એમના પક્ષને કેટલું નુકસાન થયું એ તો લોક્સભાની ચૂંટણીનાં પરિણામો જ બતાવશે. પણ નુકસાન નક્કી છે.

**યુપીની ત્રણ બેઠક ચર્ચામાં?**

યુપીની ત્રણ બેઠક ચર્ચામાં છે. રાયબરેલી , અમેઠી અને કેસરગંજ. રાયબરેલી અને અમેઠીમાં ગાંધી પરિવારનું રાજ રહેતું આવ્યું હતું પણ ગઈ ચૂંટણીમાં રાહુલ ગાંધી અમેઠીમાં સ્મૃતિ ઈરાની સામે હાર્યા અને રાયબરેલીમાં આ વેળા સોનિયા ગાંધી લડવાનાં નથી , એ રાજ્યસભામાં ગયા છે. આ બંને બેઠક પર કોન્ગ્રેસમાંથી કોણ લડશે? સપા દ્વારા આ બંને બેઠક કોંગ્રેસને અપાઈ છે. રાયબરેલીમાં પ્રિયંકા ગાંધી લડશે એવી વાતો ઘણા સમયથી ચાલે છે, પણ કોઈ નિર્ણય લેવાતો નથી અને આ કારણે ભાજપે પણ કોઈ નામ નક્કી કર્યું નથી. અમેઠીમાંથી પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટને ચૂંટણી લડવાની ઈચ્છા છે અને એમના સમર્થનમાં અમેઠીમાં પોસ્ટર પણ લાગ્યાં છે. જો કે, કોઈ નિર્ણય લેવાયો નથી. સ્મૃતિ ઈરાની સામે કોણ લડશે? રાહુલ તો વાયનાડથી લડી જ રહ્યા છે.

આ ઉપરાંત કેસરગંજની બેઠક પર પણ ભાજપે ઉમેદવાર જાહેર કર્યા નથી. આ બેઠક પરથી બ્રીજભૂષણ શરણ સિંહ દાવેદાર છે. એ અહીંથી ચૂંટાય છે પણ પહેલવાનોના મામલે એ વિવાદમાં છે. પહેલવાન સંઘની ચૂંટણીમાં બ્રીજભૂષણે પોતાનાં સગાંઓને ઊતાર્યા, પણ એ ચૂંટણી રદ કરવામાં આવી. આટલા વિવાદો બાદ પણ બ્રીજભૂષણ સામે ભાજપ પગલાં લેવાની હિંમત દાખવી શક્યો નથી અને હવે આ નેતાને ફરી ટીકીટ અપાશે કે કેમ એ ય નક્કી નથી. બ્રીજભૂષણ કહે છે, અહીં જાનૈયા તૈયાર છે, પણ વરરાજા ગુમ છે. એમણે તો એમ પણ કહ્યું કે, ફોર્મ ભરવાના આખરી દિવસે એક કલાક પહેલાં પણ મારા નામની જાહેરાત થઇ તો ભાજપની જીત પાક્કી છે. ભાજપ માટે આ નેતા માથાનો દુખાવો બની ગયા છે.

**કોંગ્રેસ તૂટવી ચાલુ છે**

કોન્ગ્રેસમાંથી ભાજપ જવાનો સીલસીલો જરા ય અટક્યો નથી. ભારત જોડો યાત્રામાં રાહુલ ગાંધી સાથે રહેનારા કર્નાટકનાં નેતા ડો. શ્રુશુત ગૌડા કોંગ્રેસ છોડી ભાજપમાં સામેલ થઈ ગયા છે. એમને હમણાં જ કર્નાટક કોન્ગ્રેસના મહાસચિવ બનાવાયા હતા. એ વોક્કલીગા નેતા છે. ભાજપ સમજે છે કે, એ કારણે એમને ફાયદો થશે. પણ કોંગ્રેસ કહે છે કે, એમના જવાથી કોઈ ફર્ક પડવાનો નથી અને ગૌડા પણ હવે ભાજપનાં વખાણ કરવા લાગ્યા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

### આળસ છોડી સૌ કોઈ મત આપવા માટે જરૂરથી જશો

વોટ આપવાના બેચરણ પૂરા થયા આ લોકશાહીનું એક કદમ છે પરંતુ પહેલા ચરણમાં લોકોએ મતદાન ખૂબ જ ઓછું કર્યું હતું તેથી આ ઠીક થયું ન કહેવાય બીજું ચરણ પણ પૂરું થયું પરંતુ હજુ ઘણા ચરણો બાકી છે લોકશાહી છે ભારતની મોટી લોકશાહી છે તેથી જનમત આપવો ખૂબ જરૂરી છે પાંચ વર્ષે ચૂંટણી આવે છે અને લોકો ઘરની બહાર નીકળીને વોટીંગ ન કરે એવી આળસ કેવી રીતે ચાલે વાત છે 1946 ની આપણે આઝાદ થયા ન હતા પરંતુ પંજાબનું સિયાલકોટ માટે જન્નત લેવાનું જરૂર બની હતું કારણ આ પંજાબ પ્રાંત કા પાકિસ્તાનમાં જઈ શકે કા ભારતમાં રહી શકે એવું હતું બને એવું કે જે દિવસે જનમત લેવાનો હતો તે દિવસે મુસલમાન સ્ત્રી પુરુષો વોટ કરવા સવારથી આળસ છોડીને વોટીંગ કરવા નીકળી પડ્યા તે ટાઈમે પણ હિન્દુઓ ખાસ કરીને ઘરમાંથી બહાર ન નીકળ્યા અને આળસ ના લીધે ઘરમાં જ બેસી રહ્યા. હવે પરિણામ જ્યારે આવ્યું ત્યારે મુસ્લિમોના એટલે કે પાકિસ્તાન તરફથી વોટ વધારે પડ્યા અને સિયાલકોટ પાકિસ્તાન માં આવ્યું. હિન્દુઓની આળ સ ના લીધે આપણે આ પંજાબ પ્રાંત ગુમાવ્યો કહેવાય છે કે આ પ્રાંત ખૂબ જ આર્થિક રીતે સદર હતું પણ હિન્દુ ઓની આળ સાઈ ના લીધે આપણે સિયાલકોટ ગુમાવું પડ્યું આમ પણ ત્યાં મેન્યુફેક્ચરિંગ સારું થતું હતું ભારતને પણ એમાંથી આમદની સારી મળતી વિદેશમાં પણ એની માંગ હતી પણ આપણી ભૂલ ના લીધે આપણે એ ગુમાવવું પડ્યું. આજે પણ એ ભુલાતું નથી આપણો દેશ મોટી લોકશાહી માનો એક દેશ છે એ ભૂલવું ન જોઈએ દરેકે ઘરની બહાર નીકળી આળસ છોડીને ગમે તે લાઈન હોય તો પણ વોટીંગ કરવા નીકળવું જોઈએ અને યોગ્ય ઉમેદવાર કે પક્ષોને આપણા મત નો લાભ મળવો જરૂરી છે એ ભૂલવું ન જોઈએ નહીં તો સિયાલકોટ જેવું ન થાયએ વિચારવું જોઈએ ભૂલમાંથી શીખવું જોઈએ માટે ઘરમાંથી દરેક જણને દિવસે બહાર નીકળે અને આપણો કિંમતી મત આપણા પક્ષને કે કોઈ પણ પક્ષને આપી લોકશાહીનું યોગદાન નિભાવવું જોઈએ ઘણા લોકો નથી આપતા ભણેલા ગણેલા પણ વોટ આપવા નથી જતા એ બહુ શરમજનક કહેવાય એવોને પણ કહેવાનું કે તમે ભારતવાસી છે તમે લોકશાહીના દેશમાં છો તો તમારો મત તમે તમારા મનગમતા પક્ષ કે ઉમેદવારને આપી દેશને સહયોગ આપો. ચૂંટણી પાંચ વર્ષે આવે છે આપણો મત સાર્થક કરો.

**સુરત - જયા રાણા**

### સુરતમાં પાણીની પરબ

હોળી માં અગ્નિ નો તાપ લીધા પછી,ચૈત્ર માસમાં ઉનાળાના મંડાણ થાય.સુરજદાદા પૃથ્વી પર અગન ગોળા વરસાવતા હોય ત્યારે અસહ્ય ગરમી ના કારણે માણસને પાણી ની તરસ વધુ લાગે છે.જળ એ જીવનનું સુત્ર યાદ આવે.માણસ ને હવા અને પાણી નિ:શુલ્ક મળવું જોઈએ.કુદરત તરફથી મળતા સ્ત્રોત નો કોઈ મોલ હોય નહીં.આજે મિનરલ વોટરની બોટલ સ્ટોર્સ પર ઉપલબ્ધ હોય છે. આજની પેઢી માટે 'પાણી ની પરબ'વિષે અજાણ હશે.ઉનાળા માં સુરતના શ્રીમંતો સખાવતમાં પાણી ની પરબ બંધાવતા.પરબ પર પાણીના બે મોટા માટલા હોય,રાહદારીઓ અને વટેમાર્ગી ને તરસ લાગેતો પરબના પાણીથી પોતાની તરસ બુજાવતા. પહેલાના સમયમાં મિનરલ વોટરનું ખાસ ચલણ હતું નહીં. ત્યારે સુરતમાં પુનિત મંડળ દ્વારા ઠેર ઠેર પાણીની પરબ બનાવામાં આવી હતી.આ પ્રકારના ઉમદા કાર્યમાં પુનિત મંડળ ને સુરતીઓ તરફથી ઘણો મોટો આર્થિક ફાળો મળતો.લોકો પોતાના પિતૃઓ ના નામે પાણીની પરબ બંધાવતા.જ્યારે ભારતમાં ઘણા દુકાળો પડયા હશે પણ સુરતમાં તાપીમાતા ની કૃપાથી પાણીની તંગી પડી નથી.સુરતનો ચારેતરફ વિકાસ જે થયો છે તે તાપીના પાણીના પ્રતાપે છે.આજે મિનરલ વોટરની બોટલ નો કરોડો નો વ્યાપાર થઈ રહ્યો છે.ત્યારે પહેલા જળ વહેંચાતું હતું જ્યારે આજે વોટર લિટરના ભાવે વેચાય છે.

**સુરત - કિરીટ મેઘાવાલા**

### પ્રિ મોન્સુન કામગીરી

સુમપા દ્વારા પ્રિમોન્સુન કામગીરી શરૂ કરી દેવાઈ હોવાના સમાચાર 'ગુજરાતમિત્ર' દ્વારા જાણ્યા. દર વર્ષે સુમપા આ કવાયત કરે છે અને વરસાદના પ્રથમ રાઉન્ડમાં જ આ કામગીરીની પોલ ખૂલી જાય છે. આ કામગીરી અંતર્ગત સુમપાએ વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે વરસાદી પાણીના ઈન્લેટો વ્યવસ્થિત સાફ કરાવવાની સાથે ઈન્લેટની આજુબાજુ સ્કેપિંગ કરાવવું-માટીના ઢગલાઓ અને છારુ દૂર કરવું, ત્યાં લોકોનાં મકાનોની ટેરેસ, ધાબા અને ઝૂંપડપટ્ટી વિસ્તારોના છાપરાંઓ ઉપર પાણી ભરાઈ રહે તેવો ભંગાર સામાન દૂર કરાવવો સાથે ફૂટપાથો અને જાહેર રસ્તાઓ ઉપર પ્રજા દ્વારા નંખાતો ગાર્ડનવેસ્ટ ત્વરિત ઉંચકવા માટેની વ્યવસ્થા કરવી અને ભારે વરસાદમાં ક્યાંય પાણી ભરાઈ જાય તો તેની જાણ કરવા સુમપાએ ઈમરજન્સી નંબરો જાહેર કરવા જોઈએ. ઉપરાંત ભારે વરસાદની આગાહી દરમ્યાન તમામ ઝોનમાં ક્વીક રિસ્પોન્સ ટીમ ખડે પગે હાજર રહેવી જોઈએ. તદુપરાંત ચોમાસા પૂર્વે દરેક ઝોનમાં ભયજનક મિલકતોનો સર્વે થવો જોઇએ. જરૂરી હોય તેને નોટીસો અપાવી જોઈએ. સોસાયટીઓમાં આંતરિક ભાગે બનેલા 20-25 વર્ષ જૂના તમામ એપાર્ટમેન્ટો-જોખમી બહુમાળી મકાનોની નોંધ લેવી જોઈએ. હાઉસિંગ બોર્ડનાં મકાનો તો હવે અત્યંત જર્જરિત અને જોખમી હાલતમાં છે. એન્જિનિયરો પાસે એનો સ્ટેબીલીટી સર્વે કરાવવો અત્યંત જરૂરી બનેલ છે.

**સુરત - જિતેન્દ્ર પાનવાલા**

### પરદેશોમાં ભારતીય વિદ્યાર્થીઓનાં અપ મૃત્યુ

આપણા દેશના અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસાર્થે અમેરિકા, ઈંગ્લાડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા તથા રશિયા બાજુ ગમન કરે છે. આ સિલસિલો ઘણા સમયથી ચાલુ છે. આજ સુધી આવા દેશોમાં આપણા ભારતીય વિદ્યાર્થીઓ સહિસલામત રીતે અભ્યાસ કરતા રહેતા હતા. અને ત્યાં નોકરીએ પણ લાગી જતા હતા. વર્તમાને અમેરિકા, કેનેડા, ઈંગ્લાડ તથા ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં આપણા વિદ્યાર્થીઓના અપમૃત્યુ થતા રહે છે. વિદેશોમાં મરણ પામત આપણા યુવાન વિદ્યાર્થીઓના અહિના વાલીઓ ખૂબ જ ચિંતા અનુભવે છે. ત્યાં જે વિદ્યાર્થીઓને મારી નાંખવામાં આવે છે. એમના ખૂનીઓને ત્યાંની સરકાર પકડી શકતી નથી. ખૂન કેમ કરવામાં આવે છે, એના કોઇ કારણો પણ મળતાં નથી. મૃત્યુ પામનાર વિદ્યાર્થીની લાશ રોડની ધારે કે પૂલ નીચે કે તળાવને કિનારેથી મળી આવે છે. મૃત્યુ પામનાર વિદ્યાર્થીના અપમૃત્યુ વિશે બીજી કશી જ માહિતી ત્યાંની સરકારો આપતી નથી. કેનેડા જેવા દેશમાં ગયેલા વિદ્યાર્થીઓનાં મર્ડરમાં હમણાં ઘણો ઉછાળો આવ્યો છે. ત્યાંનો વડોપ્રધાન ભારત સાથે સારા સંબંધો રાખવા રાજી નથી. કેનેડામાં ખાલિસ્તાનવાદીઓનું જોર છે. સત્તા ટકાવી રાખવા ત્યાંના સત્તાધિશો, ખાલિસ્તાનવાદીઓને ખોટા ચગાવતા હોય છે. ત્યાંના ભારતીય વિદ્યાર્થીઓ આવા લોકોથી કરે છે. ટૂંકમાં વિદેશોની સરકારો આપણા વિદ્યાર્થીઓને જોઈતી સલામતી આપતી નથી. અને ખૂનીઓને કોઇ ધડો લેવી સજાઓ પણ કરતી નથી. ભારત સરકારે, આ બાબતે વિદેશોમાં રહેતા આપણા વિદ્યાર્થીઓની સલામતીને કોઈપણ ભોગે સુનિચ્ચિત કરવી જોઈએ.

**સુરત - બાબુભાઈ નાઈ**

### અંધ ભક્તિ અને નફરત

કોઈ વ્યક્તિ માટેની અંધ ભક્તિ એટલે એ વ્યક્તિની જીવનશૈલી, કથની-કરણી સંપૂર્ણ સાચી જ હોય કે સાચી છે એમ માની એનું અનુસરણ કરવું. એના તરફના પ્રેમ અને ભક્તિમાં એટલાં બધાં ગળાડૂબ થવું કે કોઈ માન્યતા વિરુદ્ધનું સત્ય બતાવે તોય આંખ ન ખોલવી. બીજી તરફ, કોઈ વ્યક્તિ ગમે તેટલી સારી કે સાચી હોય છતાં એની માત્ર ખામીઓ શોધવાનો અભિગમ. કેવળ પૂર્વગ્રહપ્રેરિત વિશ્લેષણ અને પૃથક્કરણ કરી એને નફરત કરવી, ધિક્કારવો. આ બન્ને પ્રકારની સ્થિતિ એટલે આંખ બંધ રાખવાનો 'ઈરરેશનલ' અભિગમ. જે તદ્દન અયોગ્ય છે. આ પૃથ્વી પરની દરેક વ્યક્તિમાં કંઈક સારું હોય છે તો કંઈક નબળું હોય છે. કોઈ વ્યક્તિ સંપૂર્ણ હોતી નથી. આપણે એને કઈ રીતે જોઈએ, મૂલવીએ છીએ એ અગત્યનું છે. મોટે ભાગે, જાત સામે અરીસો ધરવાનું ભૂલી જઈને આપણે અન્યને આપણી બનાવેલી માપપટ્ટી વડે માપવામાં કે માઈક્રોસકોપિક ઓબ્ઝર્વેશન કરવામાં સમય વ્યતીત કરીએ છીએ. જે સરવાળે આપણા જ દુ:ખનું કારણ બને છે. મનની શાંતિ હણી લે છે. જીવનમાં કેવળ વિવેકબુદ્ધિયુક્ત વલણ થકી કેળવાતી સમદૃષ્ટિ અને હકારાત્મક અભિગમ જ આનંદ આપે છે. અંધ ભક્તિ કે નફરત જીવનનો આનંદ હણી લે છે. એ ધર્મનું ક્ષેત્ર હોય કે રાજકારણનું.

**સુરત - સુનીલ શાહ**